::– પ્રતિવાદી તરફેની આંક : ૭૪ ની અરજી નીચે હુકમ –::

પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી આર.બી.ખામકર તથા વાદી તરફે વિ.વ.શ્રી બી.એમ.નાયકને સાંભળ્યા, હાલની અરજી તથા અરજી વાદી તરફેનો વાંધો વંચાણે લીધો.

પ્રતિવાદી તરફેની હાલની અરજી તેની સાથેના લીસ્ટ મુજબના અનુ.નં.૧ થી ૪ વાળા દસ્તાવેજી પુરાવા રજુ કરવા દેવા પરવાનગી માટેની છે. પ્રતિવાદી તરફેની હાલની અરજી સામે વાદી તરફે સખત વાંધો લેવામાં આવેલ છે અને જણાવેલ છે કે, સી.પી.સી.માં થયેલ નવા સુધારા મુજબ પ્રતિવાદીએ તેઓના લેખિત જવાબ સાથે તેઓ આધાર રાખતા હોય તેવા દસ્તાવેજી પુરાવાની ઝેરોક્ષ રજુ કરી દેવા તથા તેવા અસલ દસ્તાવેજો દાવાના કામે મુદ્દા ઘડવામાં આવે તે પહેલાં અગરતો મુદ્દા ઘડાય તે વખતે રજુ કરી દેવાની આદેશાત્મક જોગવાઈ છે. પ્રતિવાદીના જવાબમાં રજુ કરવા માંગી રહેલ દસ્તાવેજોનો ઉલ્લેખ છે. જેથી આ દસ્તાવેજો તેઓની કસ્ટડીમાં પહેલેથી જ હોવાનુ સ્પષ્ટ થાય છે. તેમછતાં શા માટે મોડા રજુ કરવામાં આવેલ છે તે અંગે કોઈ કારણ આપેલ નથી. દસ્તાવેજી પુરાવા મોડા રજુ કરવા માટે સબળ કારણ હોવુ જોઈએ. વાદીની જુબાની રજુ થઈ ગયેલ છે જેથી વાદીને બચાવમાં અડચણ થાય તે માટે મોડા રજુ કરવામાં આવેલ છે. પ્રતિવાદી તરફે રજુ થયેલ ચુકાદો પ્રતિવાદીએ લેખિત જવાબ મોડો રજુ કરવા ઉપરનો છે. લેખિત જવાબ રજુ કરવા દેવામાં ન આવે તો પ્રતિવાદી તેઓનો બચાવ જ કરી શકે નહીં. આમ લેખિત જવાબ મોડો રજુ કરવા તથા દસ્તાવેજી પુરાવો મોડો રજુ કરવાની હકીકત તદ્દન અલગ બાબત છે. જેથી પ્રતિવાદી તરફે રજુ થયેલ ચુકાદો આ કામે લાગુ પડતો નથી.

આ કામે હાલની અરજી સાથેના લીસ્ટથી રજુ થઈ રહેલ દસ્તાવેજી પુરાવા અંગેનો ઉલ્લેખ પ્રતિવાદીના લેખિત જવાબમાં કરવામાં આવેલ છે. જે મોડો રજુ કરવા માટે કોઈ કારણ દર્શાવવામાં આવેલ નથી પરંતુ આ દસ્તાવેજી પુરાવો જોતાં, પ્રતિવાદીએ આ કામના વાદીને ઈમેઈલ ધ્વારા આપેલ પરચેઝ ઓર્ડરની ઓફીસ કોપી તથા તે ઓર્ડ વાદી ધ્વારા સ્વિકાર્યા બદલની ઈમેઈલ કોપી તથા નિ.૧૦/૪ વાળી મોકલેલ સ્પીડ પોષ્ટની એકનોલોજમેન્ટ તથા વાદીએ પ્રતિવાદીને મોકલેલ ઈમેઈલની કોપી છે. દાવાની હકીકત જોતાં, વાદીએ આ કામના પ્રતિવાદીને તેઓના ઓર્ડર મુજબ મોકલવામાં આવેલ માલની લેણી નીકળતી રકમ વસુલાત માટેનો છે. પ્રતિવાદી તરફે રજુ થઈ રહેલ દસ્તાવેજી પુરાવો દાવાની વિષય વસ્તુ તથા પક્ષકારો વચ્ચેના વ્યવહારને સંલગ્ન દસ્તાવેજી પુરાવો છે. જેથી તે રજુ કરવા દેવામાં ન આવે તો પ્રતિવાદીના બચાવને વિપરિત અસર થાય તેમ છે તેમજ આ દસ્તાવેજી પુરાવો રજુ કરવા દેવા માત્ર થી વાદીને અન્યાય થવા સંભવ નથી.વાદી તરફે રજુ થયેલ, એ.આઈ.આર.૨૦૦૫ સુપ્રિમ કોર્ટ

૩૩૦૪, શ્રીમતી રાની કુસુમ વિ. શ્રીમતી કંચન દેવીના કેસનો ચુકાદો વંચાણે લેતાં, સી.પી.સી.ઓર્ડર–૦૮,રૂલ–૦૧ મુજબની ૯૦ દીવસથી મોડો લેખિત જવાબ રજુ કરવા દઈ શકાશે નહી. તેવી જોગવાઈ નિર્દેષાત્મક હોવાનુ ઠરાવેલ છે અને પેરા–૧૧ માં નીચે મુજબ ઠરાવેલ છે.

પેરા–૧૧, All the rules of procedure are the handmaid of justice. The language employed by the draftsman of processual law may be liberal or stringent, but the fact remains that the object of prescribing procedure is to advance the cause of justice. In an adversarial system, no party should ordinarily be denied the opportunity of participating in the process of justice dispensation. Unless compelled by express and specific language of the Statute, the provisions of the CPC or any other procedural enactment ought not to be construed in a manner which would leave the court helpless to meet extraordinary situations in the ends of justice.

આમ, ઉપરકત પ્રસ્થાપિત સિધ્ધાંત જોતાં, પ્રતિવાદીને હાલની અરજી સાથેના દસ્તાવેજી પુરાવા રજુ કરવા પરવાનગી આપી ન્યાયીક કાર્યવાહીમાં બચાવ અને રજુઆત કરવાની પુરતી તક આપવી ન્યાયોચિત જણાય છે. સાથે સાથે રજુ થઈ રહેલ દસ્તાવેજી પુરાવા અંગે તેઓના લેખિત જવાબમાં ઉલ્લેખ કરેલ હોવા છતાં અને તેઓની કસ્ટડીમાં હોવા છતાં લેખિત જવાબ સાથે રજુ ન કરી મોડા રજુ કરવા માટે કોઈ કારણ દર્શાવેલ નથી અને કસુર કરેલ છે. તે બદલ પ્રતિવાદી મુલ્ય ચુકવવા પણ જવાબદાર બને છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

::– હુ ક મ –::

આથી પ્રતિવાદીની હાલની અરજી સી.પી.સી.ઓર્ડર–૧૩, રૂલ–૦૧ અન્વયે મંજુર કરવામાં આવે છે.

પ્રતિવાદીએ તેઓની કસુર બદલ રૂા.૧,૦૦૦/– અંકે રૂપિયા એક હજાર પુરા ડીસ્ટ્રીકટ લીગલ સર્વિસ ઓથોરિટી, નવસારીમાં જમા કરાવેથી અરજી સાથે રજુ થયેલ લીસ્ટ મુજબના અનુ.નં.૧ થી ૪ વાળા દસ્તાવેજી પુરાવા રજુ કરવા પરવાનગી આપવામાં આવે છે.

આજરોજ તા.૦૧લી સપ્ટેમ્બર–૨૦૧૭ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

( જયેશકુમાર શામળદાસ પટેલ )
પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ,નવસારી.

કોડ નં.જીજે૦૦૫૬૧